**તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૪ | ૧૪ જૂન, ૨૦૧૬, મંગળવાર ; જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જોધપુરમાં મિગ-૨૭ વિમાન દુર્ઘટનાગ્રસ્ત

જોધપુર,તા. ૧૩

રાજસ્થાનમાં જોધપુર ખાતે ઈન્ડિયન એરફોર્સનું મિગ-૨૭ વિમાન આજે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જો કે, પાયલોટનો સહેજમાં બચાવ થયો હતો. આ સંદર્ભમાં માહિતી આપતા પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, આ વિમાન ખુલ્લા વિસ્તારમાં એક મકાન નજીક તુટી પડ્યું હતું. પાયલોટ ટ્રેનિંગ મિશન ઉપર હતો ત્યારે આ દુર્ઘટના થઈ હતી. વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી અને પાયલોટે વિમાનને પ્રાથમિકતાના આધારે ઉતરાણની મંજુરી માંગી હતી. જો કે, એન્જિન ફેઈલ થઈ ગયું હતું જેથી પાયલોટ સુરક્ષિતરીતે બહાર આવી ગયા હતા. સોમવારના દિવસે આજે જયપુર નજીક ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. જોધપુર એરબેઝથી આ વિમાને ઉંડાણ ભરી હતી. ટ્રેનિંગ પ્રક્રિયાના ભાગરુપે કવાયત ચાલી રહી હતી.

# માયાવતી-મુલાયમ વચ્ચે જુગલબંધી : મોદી

### ઉત્તર પ્રદેશમાં વિરાટ રેલી યોજી મોદીએ ચૂંટણી રણશિંગૂ ફુંક્યુ : માયાવાતી અને મુલાયમસિંહ એકબીજાની વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો કરે છે પરંતુ પગલા લેતા નથી : વિકાસના યજ્ઞ માટે આહૂતિ પણ આપવી પડશે

અલ્હાબાદ,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકના બીજા દિવસે અલ્હાબાદમાં વિશાળ રેલીને સંબોધી હતી. જેમાં મોદીએ સપા અને બસપા ઉપર જોરદાર પ્રહારો કરતા ઉત્તર પ્રદેશ માટે ચૂંટણી રણશિંગુ ફુંકી દીધું હતું. મોદીએ કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં મુલાયમસિંહ અને માયાવતીની જુગલબંધી રહેલી છે. તેમણે કહ્યું હતું કે, દરેક સમસ્યા અને મુશ્કેલીનો ઉકેલ વિકાસમાં રહેલો છે. મોદીએ યુપીની ખરાબ હાલત માટે સપા અને બસપાને



જવાબદાર ઠેરવીને પ્રહારો કર્યા હતા.તેમણે કહ્યું હતુ કે, માયાવતી અને મુલાયમસિંહ એક બીજા ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો કરે છે પરંતુ સત્તામાં આવ્યા બાદ એકબીજાની

સામે કાર્યવાહી કરતા નથી. બંનેમાં જુગલબંધી રહેલી છે. મોદીએ કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં પાંચ-પાંચ વર્ષની લૂંટની ઠેકેદારી થાય છે. આટલા મોટા દેશને બરબાદ થતાં અમે જોઈ શકીએ નહીં. એક વખત ઉત્તર પ્રદેશ આગળ વધી જશે તો દુનિયામાં હિન્દુસ્તાનને નંબર એક થતાં કોઈ રોકી શકશે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રાયલ વિના અપરાધી ઠેરવવા પ્રયાસ થાય છે : વિજય માલ્યા

### આ રીતની કાર્યવાહીથી બેંકોના પૈસા પરત આપવામાં મુશ્કેલી પડશે : સંપત્તિ જપ્ત કરવા માટે કાર્યવાહીનો કોઈપણ કાયદાકીય આધાર નથી



નવી દિલ્હી,તા. ૧૩

આઈડીબીઆઈ બેંક લોન મામલામાં છેતરપિંડી કેસ હેઠળ ઈડીની કાર્યવાહીથી લાલઘૂમ થયેલા વિજય માલ્યાએ વળતા આક્ષેપો કર્યા છે. વિજય માલ્યાએ આક્ષેપ કરતા કહ્યું છે કે, ટ્રાયલ વગર જ તેમને ગુનેગાર ઠેરવવાના પ્રયાસ સીબીઆઈ અને ઈડી દ્વારા કરવામાં આવી રહ્યા છે. ઈડી દ્વારા ૧૪૧૧ કરોડની સંપત્તિ જપ્ત કરવાના મુદ્દા ઉપર વળતા આક્ષેપો કરતા માલ્યાએ કહ્યું છે કે, આ રીતે તો બેંકોના પૈસા પરત કરવામાં ખુબ જ મુશ્કેલી રહેશે. માલ્યા અને તેમની એરલાઈન્સ કંપની કિંગફિશર ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# ...તો એક મહિનામાં ડ્રગ્સ દૂષણનો અંત : રાહુલ ગાંધી



### જલંધરમાં વિરોધ રેલીમાં અકાલી સરકાર પર રાહુલના પ્રહાર : પંજાબના લોકો ઉજ્જવળ ભવિષ્યની અપેક્ષા રાખે છે તો હવે રાજ્યમાં માદક દ્રવ્યોના કારોબારનો અંત લાવવા સિવાય વિકલ્પ નથી

ચંદીગઢ,તા. ૧૩

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી આડે હવે ખુબ ઓછો સમય રહ્યો છે ત્યારે પંજાબમાં રાજકીય ગરમી વધી રહી છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે પંજાબમાં જલંધર શહેરમાં વિરોધ રેલી યોજી હતી અને સામાન્ય લોકોને ખાતરી આપતા કહ્યું હતું કે, જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો ડ્રગ્સના દૂષણને ખતમ કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. આ દૂષણને દૂર કરવા સરકાર તમામ પ્રયાસો કરશે. ડ્રગ્સની સમસ્યાને એક જ મહિનામાં ઉકેલી દેવામાં આવશે. રાહુલે કહ્યું હતું કે, તેમની પાર્ટી પંજાબમાં ફરીવાર આત્મવિશ્વાસ જગાવવાના પ્રયાસ કરી રહી છે. એક રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, જો પંજાબના લોકો સારા ભાવિની આશા રાખી રહ્યા છે તો રાજ્યમાં ડ્રગ્સના કારોબારનો અંત લાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ

● અનુસંધાન પાન-૭ પર

## ઉડતા પંજાબમાંથી માત્ર એક કટ સાથે ફિલ્મ રજૂ કરવા હુકમ

### ૮૯ સીન કાપી નાંખવાના બદલે એક સીન કપાશે : મુંબઈ હાઈકોર્ટ દ્વારા ચુકાદો અપાયો : બે દિવસમાં જ ફિલ્મને નવેસરથી સર્ટિફિકેટ આપવા માટેનો હુકમ




મુંબઈ,તા. ૧૩

ઉડતા પંજાબને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મુંબઈ હાઈકોર્ટે આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો. ઉડતા પંજાબ કેસમાં ચુકાદો જાહેર કરતા મુંબઈ હાઈકોર્ટે માત્ર બે દિવસની અંદર ફિલ્મને નવેસરથી સર્ટિફિકેટ આપવાનો સીબીએફસીને આદેશ કર્યો હતો. સીબીએફસીની માંગ સ્ટે માટેની હતી જેને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. સીબીએફસી ફિલ્મોને પ્રમાણપત્ર આપવા સાથે સંબંધિત કાયદા હેઠળ સત્તા ધરાવે છે તેવી દલીલો કરવામાં આવી હતી. આ સંદર્ભમાં જસ્ટિસ સત્યરંજન અને જસ્ટિસ શાલિની જોશીની બનેલી ડિવિઝન બેંચે કહ્યું હતું કે, સીબીએફસી કાયદા હેઠળ ફિલ્મને લઈને સત્તા ધરાવે છે પરંતુ આ ફિલ્મોને સેન્સર કરી શકે નહીં. અગાઉ કોર્ટે કેટલીક બાબતોની નોંધ લીધી હતી. આમા જણાવવામાં આવ્યું હતું કે, ફિલ્મની પટકથામાં પંજાબ અથવા તો અન્ય કોઈપણ શહેરોને નુકસાન થાય તેવી કોઈ બાબતનો

● અનુસંધાન પાન-૭ પર

## કમલનાથની નિમણૂંક બાદ કોંગ્રેસ પર આક્ષેપોનો મારો

ચંદીગઢ,તા. ૧૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથને પંજાબની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ પાર્ટીની અંદર જ ભારે હોબાળો થઈ ગયો છે. રાજકીય સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસમાં છે ત્યારે કમલનાથની પંજાબમાં ઈન્ચાર્જ તરીકે નિમણૂંક કરાતા એક નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. આગામી વર્ષે પંજાબમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. કમલનાથ ઉપર સીધા આક્ષેપો હાલમાં થઈ રહ્યા છે. વર્ષ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણ કેસમાં કમલનાથની સીધી સંડોવણીના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે તેમની નિમણૂંક ખતરનાક સાબિત થઈ શકે છે. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે પણ આ નિમણૂંકની ઝાટકણી કાઢતા કહ્યું છે કે, શીખ સમુદાયના લોકોનું આ રીતે અપમાન કરવામાં આવ્યું છે. પંજાબની રાહુલ ગાંધીની યાત્રા વેળા આ નિમણૂંક કરવામાં આવી છે.

કોંગ્રેસનું આ વલણ દર્શાવે છે કે, પાર્ટી શીખ સમુદાયને લઈને ખુબ જ બિનજવાબદારીપૂર્વકનું વર્તન કરી રહી છે. બાદલે કહ્યું હતું કે, કોઈપણ એક રાજકીય પાર્ટી આટલી હદ સુધી નિર્દય હોઈ શકે છે તે બાબત કલ્પના બહારની દેખાઈ રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કર્યા છે.

## ઓબામાના રાજીનામાની ટ્રમ્પની ઉગ્ર માંગણી



વોશિંગ્ટન,તા. ૧૩

ફ્લોરિડાના ઓર્લાન્ડો નાઈટ ક્લબમાં અંધાધૂંધ ગોળીબારના એક દિવસ બાદ અમેરિકામાં વ્યાપક શોધખોળનો દોર જારી રહ્યો હતો. ઘણી જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હતા. બીજી બાજુ રિપબ્લિકન પ્રમુખ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને સૌથી નબળા લીડર તરીકે ગણાવીને રાજીનામુ આપી દેવા માટે માંગ કરી છે. ટ્રમ્પનું કહેવું છે કે, ઓબામાએ કટ્ટરપંથી ઈસ્લામ જેવા શબ્દનો ઉપયોગ પણ તેમના નિવેદનમાં કર્યો નથી. હત્યાકાંડ બાદ ઓબામાએ જે નિવેદન કર્યું છે તે ખુબ જ નબળું નિવેદન છે. અમારા નેતાઓ ખુબ નબળા છે. આજ કારણસર આ પ્રકારના બનાવો બની રહ્યા છે.

ટ્રમ્પે કહ્યું છે કે, અમેરિકાને વધુ કઠોર અને વધુ નવી વિચારધારા અને ટેકનોલોજી સાથે આગળ વધી ત્રાસવાદી કૃત્યોને રોકવાની જરૂર છે.

## દેશના બાળ મજુરો પૈકી ૧૧ ટકા બિહારનાં છે

પટણા,તા. ૧૩

ભારતમાં રહેલા કુલ બાળ મજુરો પૈકી આશરે ૧૧ ટકા બાળ મજુરો એકલા બિહારના હોવાનુ જાણવા મળ્યુ છે. આ આંકડો ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ ( સીઆરવાય) દ્વારા આપવામાં આવ્યા છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રદેશમાં પાંચ વર્ષથી લઈને ૧૪ વર્ષની વય વચ્ચે આશરે ૪૦ ટકા બાળ મજુરો એવા છે જે પોતાના નામ પણ લખી શકતા નથી. સુત્રોએ કહ્યુ છે કે બિહારમાં પાંચથી ૧૪ વર્ષની વયના દરેક પાંચ મજુરો પૈકી એક સંપૂર્ણપણે નિરક્ષર છે. સુત્રોએ કહ્યુ છે કે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ બિહાર બાળ મજુરની સંખ્યા મામલે દેશમાં બીજા સ્થાને છે. દેશના આશરે ૧૧ ટકા બાળ મજુર માત્ર બિહારમાં છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં પાંચ વર્ષથી ૧૪ વર્ષની વયની વચ્ચે આશરે ૬૫ લાખ બાળકો ખેતી અને સ્થાનિક કામોમાં મજુરી કરી રહ્યા છે. આ વય ગ્રુપના બાળ મજુરોની સંખ્યા કુલ બાળ મજુરો પૈકી ૬૪.૧ ટકાની આસપાસ છે.


**Wanted Teachers**
at
**Little Angels' School**
682/2 Sec–8 Gandhinagar, Ph–079 23245153
**Needed:** an efficient and skilled (Graduate/ Post graduate Science teacher for classes IV To VIII . He / She should be well-versed with the nuances of the subject and should also know how to handle children with love and care. Candidates can submit their resumes at **Little Angels' School** between **9am to 1pm** for a **walk-in interview** from **14 June** onwards.

STOCK MARKET LEADER
REQUIRED FOR NEW OFFICE
AT INFOCITY / SECTOR - 21
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 2 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
Bestboi Fin Solution AP of Kotak Securities Ltd.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

**ભારત સરકાર માન્ય**
**Centr@l Fire Safety Institute, Ahmedabad**
F-132, કરીશ્મા એવન્યુ B.S.N.L Officeની સામે, IOC રોડ, ચાંદખેડા અમદાવાદ
82384 48085 / 74050 55101
હવે તમે નોકરી નહિ, નોકરી તમને શોધશે..
• શું તમે ધોરણ ૧૦-૧૨ પાસ છો ?
• શું તમે મહિને ૧૦,૦૦૦/- થી વધુ આવક મેળવવા માગો છો ?
• શું તમે ફાયરમેન / ફાયર ઓફિસર બનવા માગો છો
તો એક વાર અમારી કોલેજની મુલાકાત લો
: ઉપલબ્ધ કોર્સ :
(૧) સર્ટીફીકેટ ઈન ફાયર એન્ડ સેફ્ટી
(૨) ડિપ્લોમા ઈન ફાયર એન્ડ સેફ્ટી
(૩) પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન ફાયર એન્ડ સેફ્ટી
(૪) એન્વાયરમેન્ટ હેલ્થ સેફ્ટી
100% નોકરીની તક
આ કોર્સ સાથે મફત મેળવો
• મોટર ડ્રાઈવીંગ • સિવીલ ડિફેન્સ ટ્રેનીંગ
• સ્વીમીંગ • ડીઝાસ્ટર મેનેજમેન્ટ
• કોમ્પ્યુટર • વાયરલેસ કોમ્યુનીકેશન
• સ્પોકન ઈંગ્લીશ • ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ
• પર્સનાલીટી ડેવલપમેન્ટ • પ્રેક્ટીકલ તાલીમ
આ કોર્સ કરી આપ
મહાનગર પાલિકા / નગરપાલિકાના ફાયર બ્રીગેડ, ઓ.એન.જી.સી, જી.ઈ.બી, આર્મી, નેવી, એર-ફોર્સ, એન.ડી.આર.એફ. અને રીલાયન્સ, એસ્સાર, અદાણી, ઝાયડ્સ, ઈન્ટાસ, અરવિંદ જેવી અનેક મોટી કંપનીમાં નોકરી મેળવી શકો છો
કેમ્પસ ઈન્ટરવ્યું કરાવતી ગુજરાતની એક માત્ર સંસ્થા

GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
MAKE YOUR SUCCESS CHAIN
TODAY'S DECISION, TOMORROW'S GAIN.
Excellent Placements
Proficient Faculty
Advanced Infrastructure
B.E. | M.E. | MBA
PROGRAMS OFFERED
Bachelor of Engineering (B.E.)
- Mechanical Engineering
- Computer Engineering
- Information Technology
- Civil Engineering
- Electrical Engineering
- Electronics & Communication Engineering
Post Graduation Courses
- M.E. in Mechanical Engineering
  - Thermal Engineering
  - CAD / CAM
- M.E. in Computer Engineering
  - Software Engineering
- Master of Business Administration
  - Marketing, Finance, Human Resource, IS
B.E. Programs in Foreign Collaboration with De Montfort University, UK.
GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
(Approved by AICTE and Affiliated to GTU)
Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.
M: 9904405900, Ph: 02764 281860/61, Fax: 02764 281862
Email: director@git.org.in | www.git.org.in

**ઋત્વા**
હોમિયોપેથીક ક્લીનીક
ડો. પ્રગતિ જે. બારડ
Consulting Honoeopath
B.H.M.S.
M. 8866112131
Email : drpragati@gmail.com
ડેન્ટલ કેર & ઈમ્પ્લાન્ટ સેન્ટર
ડો. રાજવીર જે. બારડ
B.D.S.M.D.S.
Implantologist
M. 8866112131
Email : j.j.Barad@gmail.com
સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ ● સાંજે ૫.૦૦ થી ૯.૦૦ (રવિવારે રજા)
બ્લોક નં. એમ-૩૨/૩૭૬, સત્યમ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225